# હાલરડાંની કંઠોપકંઠ પરંપરા

ડૉ. સંકેત પારેખ
ડી. એન. પી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

એક સમયે જાણીતા થયેલા હાલરડાં હવે આધુનિક સમયમાં ભુલાતા થયા છે. આજની આધુનિક માતા ,"હાલરડું" શબ્દ સાંભળીને ચૌંકે તો નવાઈ નહીં ! આજના બાળકો નું પણ દુર્ભાગ્ય!! જે બાળક માના મુખેથી હાલરડાં સાંભળીને ઉછેર્યું હોય, દાદા-દાદી પાસેથી વાર્તાઓ સાંભળીને ઉછેર્યું હોય તેજ બાળક ભાગ્યશાળી છે! કેમકે આ હાલરડાં ઓ અને વાર્તાઓમાં જ્ઞાનનો અખૂટ ભંડાર પડ્યો હોય છે.

હાલરડાં.... જેમાં માતાનું મમત્વ છૂપાયેલું હોય છે, માતૃત્વનું સૌંદર્ય ચમકતું હોય અને જેમાં જીવન સંગીતની સુમધુર સુરાવલી જોવા મળતી હોય તે હાલરડાંનું અસ્તિત્વ કાળક્રમે ઘસાતું જાય છે.

એક સમય એવો હતો કે એક આખી પેઢી હાલરડાં સાંભળતા સાંભળતા પોઢી જતી હતી, ત્યારે પારણે પોઢેલા આ બાળકને સુવાડવા માટે માતા, દાદી, નણંદ, જેઠાણી, દેરાણી, કે બહેનના કંઠે હાલરડાં ગવાતા. બાળકો પણ સુમધુર કંઠે સાંભળીને નિરાંતે સૂતા. આવી નિરાંત લગભગ આજે રહી નથી. ફાસ્ટ લાઈફમાં હાલરડાં સતત ભૂલાતાં ચાલ્યાં જાય છે. દુર્ભાગ્યે આજની માતાઓને ફિલ્મી ગીતોની પંક્તિઓ સ્મરણમાં આવે છે, રટણ કરે છે પણ પેઢી દર પેઢીએ સચવાયેલા હાલરડાંની ઝાંખી થતી નથી માટે બીજા શબ્દોમાં કહી શકીએ કે આ હાલરડાંનું અસ્તિત્વ લોકજીવનમાંથી ખોવાઈને અદ્રશ્ય થયું છે. સ્ત્રીના મુખેથી ગવાતા હાલરડાં અનેક કથાઓ લઈને આવે છે અને બાળકોમાં સંસ્કારોનું સિંચન કરે છે.

ડૉ. શ્રી નિરંજન રાજગુરુ સાચા અર્થમાં કહે છે કે, બાળકને સુવડાવતી વખતે બાળકના હૃદય પર મનપર ઊંચો સ્વર ના આવે તે રીતે ધીમા અને મધુર અવાજે ગવાતી સુરાવલીથી બાળકને પોતે સલામત છે તેવો ભાવ ઉત્પન્ન થાય તે ધીરે ધીરે ગવાતા લયને "હાલરડાં" તરીકે ઓળખવામાં આવે છે. બીજી ભાષામાં કહી શકાય કે પ્રિયજનો દ્વારા વાત્સલ્ય ભાવ, સ્વર, પ્રાસ, અને સંમોહક ભાવનાને લઈને ગવાતા નાદને લઈને શિશુઓ જ્યારે સુવે છે, ત્યારે તેઓ શબ્દોને ન ઓળખતા હોવા છતાં પણ લય નાદ સાથે જોડાઈ જાય છે, તે લયને "હાલરડાં" કહે છે. જન્મ પછી બાળકને સૌપ્રથમ માતાના અવાજનો સ્પર્શ થાય છે, બાળક માટે માતાનો બીજો સ્પર્શ તેના ઉરે ચાંપવાનો છે, ત્રીજો સ્પર્શ માતાનું દૂધ રૂપી પ્રેમ મેળવવાનો અને માથા પર ફરતો વહાલસોયો હાથ છે.

આ તમામ સ્પર્શો બાળકને હૂંફનો પરિચય કરાવે છે. વાત્સલ્યની આ હૂંફ બાળકો માટે પ્રાણવાયુ સમાન છે. એ જો બાળકને ન મળે તો કુસંસ્કારી બાળકો પેદા થતા હોય છે. જે પાછળથી ઈન્સાનિયતના દુશ્મન બનતા હોય છે.

મનોવિજ્ઞાન પણ માનતું થયું છે કે બાળકના હૃદય પર, મન પર મધુર, ધીમા અને વાત્સલ્યપૂર્ણ શબ્દોની અસર થતી હોય છે, જેના કારણે બાળકોમાં સુરક્ષિત હોવાની ભાવના પ્રગટે છે. સાથે સાથે બાળકોને કલ્પનાશક્તિ બુદ્‌ધિ શક્તિનો વિકાસ થતો હોય છે.

ઝવેરચંદ મેઘાણીનું સુવિખ્યાત કાવ્ય 'કસુંબીનો રંગ'ની એક પંક્તિ 'બહેનીના કંઠેથી નીતરતા હાલરડાંમાં ઘોળ્યો કસુંબીનો રંગ'. આ પંક્તિ એક ઉપનિષદની ગરજ સારે છે એટલું કહી શકાય તેમ છે. હાલરડું જેમાં માતાનો વાત્સલ્યનો ભાવ ઘૂંટાતો હોય, બેનીનો પ્રેમ તરબતર હોય, દાદી કે ફોઈનું હૃદય સંમિલિત થતું હોય તેવું હાલરડું એ સુગેય પદની રચના માનવામાં આવે છે. આ સ્ત્રી વર્ગ આ હાલરડાંમાં પોતાની સુરાવલી દ્‌વારા અનંત વિશ્વ સમેટીને બાળકને સોંપી દે છે. જેમાં બાળકોને માટે વીરતા, સાહસ, કલ્પનાશક્તિ, શૌર્યતા, શિક્ષા, શાંતિ, સ્વાસ્થ્ય, શ્રદ્‌ધા, સ્નેહ, સંસ્કૃતિ, તપ, નીતિ, સત્ય, દાન, ખુશી, માન, મર્યાદા આત્મવિશ્વાસ વગેરે પર શીખ આપવામાં આવે છે સાથે સાથે તેમને ધાર્મિક સામાજિક ઐતિહાસિક અને પ્રેમની પરિભાષાના નાદ પર ગમ્મત સાથે જ્ઞાન પણ આપવામાં આવતું હોય છે, જેના દ્‌વારા બાળકોનો સર્વાંગી વિકાસ થતો હોય છે માટે કહી શકીએ કે હાલરડાં સંસ્કાર રસની આરાધના કરવા માટે સબળ માધ્યમ છે.

ગુજરાતી સાહિત્યમાં અનેક કવિઓએ હાલરડાંની રચના કરી છે માતા જીજાબાઈએ શિવાજી માટે ગાયેલું હાલરડું કેટલું તો જાણીતું છે ઉપરાંત મહા કવિ પ્રેમાનંદના આખ્યાનોમાં રામ તેમજ કૃષ્ણ લીલાને વર્ણવતાં હાલરડાં, કવિ ભોજલ રચિત ચેલૈયા કુંવરનું હાલરડું, જૈન અને જૈનેતર કવિઓ દ્‌વારા રચાયેલાં હાલરડાં વડે આપણા ગુજરાતી સાહિત્યના પૃષ્ટો સમૃદ્‌ધ છે.

વ્રજ સાહિત્યમાં કહેવાયું છે કે માતા યશોદાના કંઠેથી નીકળતા હાલરડાંમાં કુંજ, શુક, કોકિલ, મયુર આદિ પક્ષીઓ, ચૂડીઓ, ઝાંઝરીઓ, નવલખા હાર, અને હીરા-ચાંદી, સોના અને મોતીએ મઢેલા આભૂષણોનો અને કેળ- કદલીના વૃક્ષો, આંબા અને કલ્પવૃક્ષનો ઉલ્લેખ થયો છે.

મધ્યકાલીન યુગમાં રજપૂતાણી ઓએ હાલરડાંમાં કિનખાબથી રંગેલી બાંધણી અને મખમલથી બનાવેલ પહેરણ, વાઘ સિંહ હાથી ઘોડા ગાય જેવા રાજશ્રી પ્રતીકરૂપ પ્રાણીઓનો અને મહેલોની શોભામાં વધારો કરતા ઉદ્યાનો, હિંડોળાઓ, બાજોઠ દીપ દીવડાઓનો દીપ માલિકાઓનો, રાજમહેલને મહાલયોનો ઘોડે બેસેલ વરરાજા અને પાલખીએ બેસેલી વધૂઓનો ધર્મ, વેદ, પુરાણોની અને ઇતિહાસની અવનવી કથાઓ, વીરતાથી ભરેલ નાયકો અને નાયિકાઓ, ભવાઈ પ્રસંગોનો, સંતોની ગહન વાણીનો તેમજ આદિ-અનાદિ દેવી-દેવતાઓનો ઉલ્લેખ હાલરડાંઓમાં આવે છે.
લોક સાહિત્યના કેટલાક હાલરડાંઓ જોઈએ:

**(૧) હીરનો હીંચકો**

હીરનો બોંધ્યો હીંચકો વીર હેંચોન.
કુણ કુણ હાલ્યો ગાસી વીર હેંચોન.
દાદો હાલ્યો ગાસી વીર હેંચોન.

હીરનો બોંધ્યો હીંચકો વીર હેંચોન.
માતા હાલ્યો ગાસી વીર હેંચોન.
હીરનો બોંધ્યો હીંચકો વીર હેંચોન.
બેની હાલ્યો ગાસી વીર હેંચોન.
હીરનો બોંધ્યો હીંચકો વીર હેંચોન.

એક અન્ય હાલરડું પણ જોઈએ:

**(૨) સોનાનો મોર**

સોનાનો મોર ઝુલે સોનાનો મોર,
કાન ! તારે પારણીયે સોનાનો મોર.
દાતણ ડોલે છે પેલો કાનુડો ચોર, નંદનો કિશોર.
કાન ! તારે પારણીયે સોનાનો મોર,
૦ સોનાનો મોર
માખણ ચોરે છે પેલો કાનુડો ચોર, નંદનો કિશોર.
કાન ! તારે પારણીયે સોનાનો મોર,
૦ સોનાનો મોર.
નાવણ ઝીલે છે પેલો કાનુડો ચોર, નંદનો કિશોર.
કાન ! તારે પારણીયે સોનાનો મોર,
૦ સોનાનો મોર.
ભોજન કરે છે પેલો કાનુડો ચોર, નંદનો કિશોર.
કાન ! તારે પારણીયે સોનાનો મોર,
૦ સોનાનો મોર.
મુખવાસ કરે છે પેલો કાનુડો ચોર, નંદનો કિશોર.
કાન ! તારે પારણીયે સોનાનો મોર,
૦ સોનાનો મોર.
પોઢણ કરે છે પેલો કાનુડો ચોર, નંદનો કિશોર.
કાન ! તારે પારણીયે સોનાનો મોર,
૦ સોનાનો મોર.

**સંદર્ભ પુસ્તકો**

૧. લોકસાહિત્યનું સમલોચન - ઝવેરચંદ મેઘાણી
૨. મહેંદી લાલ ગુલાલ - અમૃત પટેલ
૩. લોકવાડમય - કનુભાઈ જાની
૪. સરસ્વતીને કાંઠે - અમૃત પટેલ